Sunday
26.02.2023
*Volume :7 * Issue No.208
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalam gujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વિશ્વાસથી વિકાસ યાત્રા



વંદે માતરમ્

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રી શિવમોગા ખાતે રૂ. ૩,૬૦૦ કરોડથી વધુના મૂલ્યની બહુવિધ વિકાસ યોજનાઓનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરશે

## પ્રધાનમંત્રી ૨૭મી ફેબ્રુઆરીએ કર્ણાટકની મુલાકાત લેશે

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ કર્ણાટકની મુલાકાત લેશે. સવારે લગભગ ૧૧:૪૫ વાગ્યે, પ્રધાનમંત્રી એક વોકથ્રુ હાથ ધરશે અને શિવમોગ્ગા એરપોર્ટનું નિરીક્ષણ કરશે, ત્યારબાદ, તેઓ શિવમોગ્ગા ખાતે બહુવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરશે. ત્યારબાદ, લગભગ બપોરે ૩:૧૫ વાગે, પ્રધાનમંત્રી બેલાગવી ખાતે શિલાન્યાસ કરશે અને બહુવિધ વિકાસ પહેલોને સમર્પિત કરશે અને PM-KISAN ના ૧૩મા હપ્તાને પણ રિલીઝ કરશે.



શિવમોગ્ગા એરપોર્ટના ઉદ્‌ઘાટન સાથે સમગ્ર દેશમાં એર કનેક્ટિવિટી સુધારવા પર પ્રધાનમંત્રીના ભારને વધુ એક પ્રોત્સાહન મળશે. નવા એરપોર્ટને લગભગ ૪૫૦ કરોડ રૂપિયાના ખર્ચે વિકસાવવામાં આવ્યું છે. એરપોર્ટનું પેસેન્જર ટર્મિનલ બિલ્ડીંગ પ્રતિ કલાક ૩૦૦ મુસાફરોને હેન્ડલ કરી શકે છે. એરપોર્ટ મલનાડ ક્ષેત્રમાં શિવમોગ્ગા અને અન્ય પડોશી વિસ્તારોની કનેક્ટિવિટી અને સુલભતામાં સુધારો કરશે. વડાપ્રધાન શિવમોગામાં બે રેલવે પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. આમાં શિવમોગ્ગા – શિકારીપુરા – રાણેબેનુર નવી રેલવે લાઇન અને કોટેગાંગુરુ રેલવે કોચિંગ ડેપોનો સમાવેશ થાય છે. શિવમોગ્ગા - શિકારીપુરા - રાણેબેનુર નવી રેલવે લાઈન, રૂ. ૯૯૦ કરોડના ખર્ચે વિકસાવવામાં આવશે. અને બેંગલુરુ-મુંબઈ મેઈનલાઈન સાથે મલનાડ પ્રદેશની ઉન્નત જોડાણ પ્રદાન કરશે. શિવમોગ્ગા શહેરમાં કોટેગાંગુરુ રેલવે કોચિંગ ડેપો રૂ. ૧૦૦ કરોડથી વધુના ખર્ચે વિકસાવવામાં આવશે જેથી શિવમોગ્ગાથી નવી ટ્રેનો શરૂ કરવામાં મદદ મળે અને બેંગલુરુ અને મૈસુરમાં ભીડ ઓછી થાય.

પ્રધાનમંત્રી બહુવિધ રોડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. રૂ. ૨૧૫ કરોડથી વધુના સંચિત ખર્ચે વિકસાવવામાં આવનાર પ્રોજેક્ટ્સમાં બાયન્દુર - રાનીબેનુરને જોડતા NH 766C પર શિકારીપુરા ટાઉન માટે નવા બાયપાસ રોડનું બાંધકામ સામેલ છે; મેગરાવલ્લીથી અગુમ્બે સુધી NH-169A ને પહોળું કરવું; અને NH 169 પર તીર્થહલી તાલુકામાં ભરતીપુરા ખાતે નવા પુલનું બાંધકામ તેમાં સમાવિષ્ટ છે. કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી જલ જીવન મિશન હેઠળ રૂ. ૯૫૦ કરોડથી વધુની કિંમતની બહુ-ગામી યોજનાઓનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરશે. આમાં ગૌથામાપુરા અને અન્ય ૧૨૭ ગામો માટે એક બહુ-ગામ યોજનાનું ઉદ્‌ઘાટન અને રૂ. ૮૬૦ કરોડથી વધુના કુલ ખર્ચે વિકસિત થનારી અન્ય ત્રણ બહુ-ગામ યોજનાઓ માટે શિલાન્યાસનો સમાવેશ થાય છે. ચાર યોજનાઓ કાર્યકારી ઘરગથ્થુ પાઈપવાળા પાણીના જોડાણો પ્રદાન કરશે અને કુલ ૪.૪ લાખથી વધુ લોકોને લાભ થવાની અપેક્ષા છે. પ્રધાનમંત્રી શિવમોગા શહેરમાં રૂ. ૮૯૫ કરોડથી વધુની કિંમતના ૪૪ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન પણ કરશે. પ્રોજેક્ટ્સમાં ૧૧૦ કિમી લંબાઈના ૮ સ્માર્ટ રોડ પેકેજનો સમાવેશ થાય છે; સંકલિત આદેશ અને નિયંત્રણ કેન્દ્ર અને બહુ-સ્તરીય કાર પાર્કિંગ; સ્માર્ટ બસ શેલ્ટર પ્રોજેક્ટ્સ; બુદ્ધિશાળી ઘન કચરો વ્યવસ્થાપન સિસ્ટમ; શિવાપ્પા નાઈક પેલેસ જેવા હેરિટેજ પ્રોજેક્ટ્સનો ઈન્ટરએક્ટિવ મ્યુઝિયમમાં વિકાસ, ૯૦ કન્ઝર્વન્સી લેન, પાર્ક્સનું નિર્માણ અને રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ વગેરે પણ સામેલ છે.

### પીએમ બેલાગવી ખાતે ૨,૭૦૦ કરોડથી વધુના મૂલ્યની બહુવિધ વિકાસ યોજનાઓનો શિલાન્યાસ કરશે અને રાષ્ટ્રને સમર્પિત કરશે

#### પ્રધાનમંત્રી લગભગ બેલાગવીમાં PM-KISAN હેઠળ ૧૬,૦૦૦ કરોડ રૂ.ની ૧૩મી હપ્તાની રકમ જાહેર કરશે

ખેડૂતોના કલ્યાણ પ્રત્યે પ્રધાનમંત્રીની પ્રતિબદ્ધતાનું વધુ એક ઉદાહરણ દર્શાવે તેવા પગલામાં, આશરે ૧૬,૦૦૦ કરોડ રૂપિયાની ૧૩મી હપ્તાની રકમ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) હેઠળ ૮ કરોડથી વધુ લાભાર્થીઓને સીધા લાભ ટ્રાન્સફર દ્વારા રિલીઝ કરવામાં આવશે. યોજના હેઠળ પાત્ર ખેડૂત પરિવારોને રૂ. ૬૦૦૦ પ્રતિ વર્ષ ત્રણ સમાન હપ્તામાં રૂ. ૨૦૦૦ દરેક લાભ આપવામાં આવે છે. કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી પુન:વિકાસિત બેલાગવી રેલવે સ્ટેશનની ઈમારત રાષ્ટ્રને સમર્પિત કરશે. આ રેલવે સ્ટેશન મુસાફરોને વિશ્વ કક્ષાની સુવિધાઓ પૂરી પાડવા માટે અંદાજે રૂ. ૧૯૦ કરોડના ખર્ચે પુન:વિકસિત કરવામાં આવ્યું છે. અન્ય રેલવે પ્રોજેક્ટ કે જે પ્રધાનમંત્રી દ્વારા રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવશે તે બેલાગવી ખાતે લોંડા-બેલાગવી-ઘાટપ્રભા સેક્શન વચ્ચે રેલ લાઈન ડબલિંગ પ્રોજેક્ટ છે. આશરે રૂ. ૯૩૦ કરોડના ખર્ચે વિકસાવવામાં આવેલ આ પ્રોજેક્ટ, વ્યસ્ત મુંબઈ - પુણે - હુબલ્લી - બેંગલુરુ રેલ્વે લાઈનની સાથે લાઈનની ક્ષમતામાં વધારો કરશે, જે આ પ્રદેશમાં વેપાર, વાણિજ્ય અને આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપશે. પ્રધાનમંત્રી બેલગાવીમાં જલ જીવન મિશન હેઠળ છ બહુવિધ ગામ યોજના પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કરશે, જે લગભગ રૂ. ૧૫૮૫ કરોડના સંચિત ખર્ચે વિકસાવવામાં આવશે અને ૩૧૫ થી વધુ ગામોની લગભગ ૮.૮ લાખ વસતીને લાભ થશે.

# ગુજરાતને એરંડા રાજ્ય તરીકે જાહેર કરવાના પ્રયત્ન હાથ ધરીશું: ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત

### એરંડાના બિયારણમાં સાતત્યપૂર્ણ ઊંચી ઉત્પાદકતા હાંસલ કરનાર પ્રગતિશીલ ખેડૂતોને ‘વિઠ્ઠલદાસ ઉદેશી કેસ્ટર ઇનોવેશન એવોર્ડ’થી સન્માનિત કરતા મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુત

#### ભારતમાં એરંડાના ઉત્પાદનમાં ગુજરાતનું યોગદાન લગભગ ૮૫ ટકા જે આપણા સૌ માટે ગર્વની બાબત: ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત

કમલમ્ ન્યુઝ,

મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું કે, ૨૧મી વૈશ્વિક એરંડા પરિષદમાં આપ સૌ સમક્ષ ઉપસ્થિત રહીને ખૂબ જ આનંદ અનુભવાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત એ એરંડાના પ્રોસેસિંગ અને દિવેલના ઉત્પાદન માટેનું મહત્વનું કેન્દ્ર છે. અન્ય રાજ્યોના પણ મોટાભાગના એરંડાને પ્રોસેસિંગ માટે ગુજરાતમાં લવાય છે એ આપણા સૌ માટે ખૂબ જ ગર્વની બાબત છે. ગુજરાત સરકાર દ્વારા અનેક બંદરો વિકસાવવામાં આવ્યા છે જેમાં દિવેલ તથા કેસ્ટર ઓઈલ ડેરિવેટિવસની નિકાસ માટેના મુખ્ય વિકાસ હબ તરીકે ઉભરી આવ્યા છે. સાથેજ પ્રયત્નશીલ સરકાર દ્વારા ગુજરાતમાં એરંડા અને દિવેલના પ્રોસેસિંગ ઉદ્યોગને ગુજરાત રાજ્યનો અગ્રતાનો ઉદ્યોગ બનાવવા માટે વધુ પ્રયત્નો હાથ ધરવામાં આવશે તેમ તેઓએ જણાવ્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ભારતમાં એરંડાના ઉત્પાદનમાં ગુજરાતનું યોગદાન લગભગ ૮૫ ટકા જેટલું છે જે આપણા સૌ માટે ખૂબ જ ગર્વની બાબત છે. જેમ મધ્યપ્રદેશે પોતાને 'સોયા સ્ટેટ' જાહેર કર્યું છે રાજસ્થાને પોતાને 'મસ્ટર્ડ સ્ટેટ' જાહેર કર્યું છે તેમ ગુજરાતને પણ 'એરંડા રાજ્ય' તરીકે જાહેર કરવા માટે સરકાર પ્રયત્ન કરશે. જેથી આ પ્રકારની જાહેરાતોથી મૂલ્યવાન પાકના વિકાસ તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકાશે અને લાંબાગાળે ઉત્પાદનમાં વધારો કરી શકાશે સાથે જ આપણા દેશ માટે કીમતી વિદેશી હૂંડિયામણો પણ વિકસાવી શકાશે તેમ તેઓ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારત




સરકારે રાસાયણિક ખાતરના ઉપયોગને સંતુલિત કરવા અને વૈકલ્પિક ખાતરોની પ્રોત્સાહન આપવા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પ્રોત્સાહન આપવા માટે પીએમ પ્રણામ કાર્યક્રમ શરૂ કરવાની દરખાસ્ત કરી છે. જેથી સરકારની આ નવી નીતિ સાથે એરંડાની ખોળનો ભારતમાં ખાતર તરીકે ઉપયોગ વધી શકે છે. જેથી દરેક ખેડૂત જે એરંડાની ખેતી કરતો હોય અને કોઈ ઔદ્યોગિક ક્ષેત્ર જે એરંડાને પ્રાધાન્ય આપી ધંધો કરતું હોય તેને માટે આ ખૂબ જ મહત્વની બાબત છે જેનાથી તે અવનવી બાબતો જાણી એરંડાનાં ઉત્પાદન ક્ષેત્રે પોતાનો અને અન્યનો વિકાસ સાધી શકે છે. અંતે તેઓએ એરંડાના બિયારણમાં સાતત્યપૂર્ણ ઊંચી ઉત્પાદકતા હાંસલ કરનાર પ્રગતિશીલ ખેડૂતોને 'વિઠ્ઠલદાસ ઉદેશી કેસ્ટર ઈનોવેશન એવોર્ડ્સ' માં રોકડ એવોર્ડ્સ અને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા. આ કાર્યક્રમમાં સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિએશનના પૂર્વ પ્રેસિડેન્ટ શ્રી અતુલ ચતુર્વેદી, સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિએશનનાં ચેરમેન શ્રી શૈલેષ બાલધા અને વૈશ્વિક એરંડા પરિષદના સભ્યો, ખેડૂતો, એગ્રીકલ્ચર ક્ષેત્રે સંકળાયેલ ઉદ્યોગપતિઓ અને અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગર ખાતે “શ્રી કમલમ્” નું ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયો

### ભારતીય જનતા પાર્ટી ના ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ તથા ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી ના હસ્તે ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો













જિલ્લા પ્રમુખ સહિત તાલુકાના પ્રમુખો મંત્રીઓ, ભાજપ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા

#### ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા ના નવીન કાર્યાલય નુ ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયો

#### સાસંદ , ધારાસભ્યો , પૂર્વ ધારાસભ્યો , પૂર્વ મંત્રી તથા ભાજપ આગેવાનો ઉપસ્થિત રહ્યા

કમલમ્ ન્યુઝ,હિંમતનગર

સાબરકાંઠા જિલ્લા ના હિંમતનગર ખાતે શ્રી " કમલમ્ " નુ ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયો જેમા ભારતીય જનતા પાર્ટી ના ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ તથા ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી ના હસ્તે ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હિંમતનગર ખાતે ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા ના નવીન કાર્યાલય મોતીપુરા બાયપાસ રોડ ઉપર આવેલ જિલ્લા પંચાયત સામે શ્રી " કમલમ્ " નું ભૂમિપૂજન કાર્યક્રમ તા.૨૫।૨।૨૦૨૩ ને શનિવાર ના રોજ કરવામા આવ્યુ જેમા ભારતીય જનતા પાર્ટી ના ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ તથા ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ સંગઠન ના મહામંત્રી રત્નાકરજી ના હસ્તે ખાતમુહૂર્ત કરવામા આવ્યુ હતુ તો પૂજન વિધિ માં જિલ્લા પ્રમુખ જે ડીપટેલ તથા તેમના ધર્મ પત્ની દ્વારા કરવામા આવી હતી ત્યારે હાલ ન્યાય મંદિર વિસ્તાર મા આવેલ કાર્યાલય નાનુ પડતુ હોય ત્યારે આ નવીન કાર્યાલય સંપૂર્ણ આધુનિક તથા પાર્કિંગ ની સુવિધાઓ સાથે નવરંગ રૂપમા તૈયાર થશે તો આ ભૂમિપૂજન કાર્યક્રમ પ્રસંગે જિલ્લા પ્રભારી ભરતભાઈ આર્ય , મહિલા જિલ્લા પ્રભારી રેખાબેન ચૌધરી , અરવલ્લી-સાબરકાંઠા સાસંદ દિપસિંહ રાઠોડ , પૂર્વ મંત્રી અને પ્રાંતિજ-તલોદ ના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર , હિંમતનગર ના ધારાસભ્ય વી.ડી.ઝાલા , રાજયસભા સાસંદ રમીલાબેન બારા , ઈડર ધારાસભ્ય રમણભાઈ વોરા , જિલ્લા પ્રમુખ જે ડીપટેલ , મંત્રી જિલ્લા ભાજપ મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવર જિલ્લા મહામંત્રી કનુભાઈ પટેલ , સાબરકાંઠા બેંક ના ચેરમેન મહેશભાઈ પટેલ , પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ , પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા , વિજયભાઈ પડયા , આશિષ ભાઈ દવે , સહિત ભાજપ આગેવોનો જિલ્લા સહિત તાલુકાઓમાંથી વિવિધ સંગઠનો ના પ્રમુખો , ઉપપ્રમુખો ,મંત્રીઓ તથા યુવા મોરચો તથા મહિલા મોરચો સહિત ભાજપ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ભારતીય જનતાપાર્ટી નુ સાબરકાંઠા મા નવીન અદ્યતન બની રહેલ કમલમ્ કાર્યાલય ના ભૂમિપૂજન મા ઉપસ્થિત રહીને સહભાગી બન્યા હતા.

તો સરકીટ હાઉસ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી જેમા સાસંદ દિપસિંહ , રેખાબેન ચૌધરી , જે ડીપટેલ , વિજયભાઈ પડયા ઉપસ્થિત રહીને પત્રકારો સાથે તાજેતરમાંજ બહાર પડેલ બજેટ વિશે વિસ્તૃત ચર્ચાઓ સાથે માર્ગદર્શન પૂરૂ પાડવામા આવ્યુ હતુ અને પત્રકારો સાથે વિસ્તૃત ચર્ચાઓ કરવામા આવી હતી

